# પાંચમો વાર્ષિક અહેવાલ
## ૨૦૦૩-૦૪

# ગુજરાત વીજળી નિયંત્રક આયોગ

પ્રથમ માળ, નેપ્ચ્યુન ટાવર, આશ્રમ રોડ,
અમદાવાદ-૩૮૦ ૦૦૯.

# ગુજરાત વીજળી નિયંત્રક આયોગ

## ૨૦૦૩ - ૦૪ના વર્ષ માટે

## પાંચમો વાર્ષિક અહેવાલ

પ્રથમ માળ, નેપ્ચ્યુન ટાવર, આશ્રમ રોડ

અમદાવાદ - ૩૮૦૦૦૯

# ગુજરાત વીજળી નિયંત્રક આયોગ

**પ્રથમ માળ, નેપ્ચ્યુન ટાવર, આશ્રમ રોડ**

**અમદાવાદ - ૩૮૦૦૦૯**


ઈલેક્ટ્રીસીટી એક્ટ ૨૦૦૩ ના અધિનિયમની કલમ ૧૦૫ (૨) અન્વયે આવશ્યક્તા પ્રમાણે વર્ષ ૨૦૦૩-૦૪ માટે આયોગ પાંચમો વાર્ષિક અહેવાલ રજુ કરે છે. ગુજરાત વીજળી નિયંત્રક આયોગે વર્ષ દરમ્યાન કરેલ પ્રવૃત્તિઓનો સારાંશ.

**પી. એસ. શાહ**

**સચિવ**

**ગુજરાત વીજળી નિયંત્રક આયોગ વતી**

## આયોગનું સંગઠન માળખું :-




આ ઉપરાંત સચિવશ્રીને કાયદાકીય બાબતોમાં મદદ કરવા કાયદા સલાહકાર તરીકે શ્રી.બી.એસ. જયસ્વાલ નિવૃત્ત ડીસ્ટ્રીકટ જજ અને સામાન્ય વહીવટમાં મદદ થવા માટે ઓફીસર ઓન સ્પેશ્યલ ડ્યુટી તરીકે નિવૃત્ત સીનીયર ઓડીટ ઓફીસર(એજી) શ્રી.એસ.એન. વસીટાની નિમણુંક કરેલ છે.

# ગુજરાત વીજળી નિયંત્રક આયોગ
# અમદાવાદ.

ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગનો ૩૧ માર્ચ - ૨૦૦૪ના રોજ પુરા થતા વર્ષનો વાર્ષિક અહેવાલ

## ૧. પ્રાસ્તાવના :

ગુજરાત સરકારે એના વીજ નિયંત્રત આયોગ અધિનિયમ ૧૯૯૮ની કલમ ૧૭ હેઠળ ગુજરાત વીજળી નિયંત્રક આયોગની રચના કરી છે. અને તેને ગુજરાત વીજળી ઉદ્યોગ (પુનર્રચના અને નિયમન) અધિનિયમ -૨૦૦૩ ની પેટાકલમ (૧) કલમ-૩ હેઠળ અને ઈલેક્ટ્રીસીટી એક્ટ - ૨૦૦૩. (૨૦૦૩ના ૩૬) ની કલમ ૮૨ હેઠળ તેને પ્રથમ આયોગ તરીકે ગણી લેવામાં આવેલ છે.

ગુજરાત સરકારના જાહેરનામા જીએચયુ-૦૩-૫૨-જીઆરસી-૨૦૦૩-૭૯૭૭-કે, તા. ૧૮-ઓક્ટોબર-૨૦૦૩ મુજબ ગુજરાત વીજળી ઉદ્યોગ (પુનર્રચના અને વિનિયમન) અધિનિયમ-૨૦૦૩ (ગુજ. ૨૦૦૩ની ૨૪) દ્વારા પેટા કલમ-૬૪ (૨) ના ખંડો (એફ) (જી) અને (એચ)ને કલમ-૪૬, ૪૭ અને ૪૮ સાથે વાંચતા સત્તાનો ઉપયોગ કરવા એનાયત થયેલ છે તે મુજબ આયોગના દરેક નાણાંકીય વર્ષના અંતે વાર્ષિક અહેવાલ તૈયાર કરવા માટેના નિયમો બનાવેલ છે.

ગુજરાત વીજળી નિયંત્રક આયોગે ૧ લી એપ્રિલ-૧૯૯૯ના રોજથી તેનું કામ શરૂ કરેલ હતું. આ પાંચમો અહેવાલ વર્ષ ૨૦૦૩-૦૪ માટેનો છે.

## ૨.૧ આયોગ અને તેનું સચિવાલય :

આયોગ અધ્યક્ષ અને બે સભ્યોનું બનેલુ વૈધાનિક મંડળ છે.

વર્ષ, ૨૦૦૩-૦૪ દરમ્યાન આયોગની રચના નીચે પ્રમાણે હતી.

**અધ્યક્ષ :**

૧૩ મે-૨૦૦૩ સુધી જગ્યા વણપુરાયેલ હતી

શ્રી.જી. સુબ્ભારાવ - ૧૪ મે-૨૦૦૩ થી ૩૧-૩-૨૦૦૪

**સભ્યો :**

૧. શ્રી.બી.એમ.ઓઝા, સભ્ય - તા. ૨૯-૯-૨૦૦૩ના રોજ નિવૃત

૨. શ્રી.આર.કે.શર્મા, સભ્ય - તા. ૩૦-૩-૨૦૦૪ના રોજ નિવૃત

૩. શ્રી.કે.પી.ગુપ્તા, સભ્ય(ફાઈનાન્સ) તા. ૧૯-૨-૨૦૦૪ના રોજ જોડાયા

૪. શ્રી. મનમોહન, સભ્ય(ટેકનીકલ) તા. ૧-૫-૨૦૦૪ના રોજ જોડાયા

## ૨.૨ આયોગનું સચિવાલય :

૧) શ્રી.એમ. ડી.માંકડ, આઈ.એ.એસ, સચિવ તરીકે તા. ૧-૪-૨૦૦૨થી તા. ૫-૫-૨૦૦૩ સુધી હવાલો સંભાળ્યો,

૨) શ્રી.જી.ડી.વ્યાસ, આઈ.એ.એસ, સચિવ તરીકે તા. ૬-૫-૨૦૦૩થી હવાલો સંભાળેલ છે.

૨.૨.૧

રાજ્ય સરકારે આયોગની કુલ ૩૫ જગ્યાઓ મંજુર કરી હતી. આ ૩૫ જગ્યાઓમાંથી આયોગે ૩ કાર્યપાલક અને ચાર નાયબ નિયામકો હાલ કામ કરી રહ્યા છે. એક હિસાબી અધિકારી અને ૨ કાર્યપાલકની જગ્યા પ્રતિનિયુક્તિથી ભરવામાં આવી છે. આમ સચિવ, અધિકારીઓ અને કર્મચારીઓ સહિત આયોગમાં હાલ કામ કરતા કર્મચારીઓની કુલ સંખ્યા ૩૦ છે.

૨.૨.૨ <u>કચેરી મકાન :</u>

આયોગની કામગીરી માટે અમદાવાદના આશ્રમરોડ પર આવેલ નેપ્ચ્યુન ટાવરના પ્રથમ માળેથી ભાડાની જગ્યાએથી થાય છે.

## ૩. <u>આયોગની કાર્યવાહી :</u>

**વીજળી અધિનિયમ ૨૦૦૩ના ખંડ – ૮૬ મુજબ**

(૧) ઉત્પાદન, પુરવઠો, વિતરણ અને વ્હીલીંગ માટે રાજ્યની અંદર જથ્થાબંધ, વેચાણ જથ્થાબંધ અથવા યથાપ્રસંગ છૂટક વીજદર નક્કી કરવાનું. પરંતુ કલમ ૪૨ હેઠળ ગ્રાહકોના વર્ગને ખુલ્લા પ્રવેશની પરવાનગી આપી હોય ત્યારે રાજ્ય આયોગ, સદરહુ વર્ગના ગ્રાહક માટે વ્હીલીંગ દર અને તેની ઉપરનો સરચાર્જ હોય તો તે જ નક્કી કરશે.

(૨) રાજ્યની અંદર વહેંચણી અને પુરવઠા માટે વીજળી શક્તિ ખરીદવા માટેના કરાર મારફતે જનરેટીંગ કંપની અથવા પરવાનેદાર પાસેથી અથવા બીજા સાધનો પાસેથી જે કિંમતે વીજળી પ્રાપ્ત કરી શકાય તે કિંમત અથવા વિતરણ પરવાનેદારની વીજળી ખરીદ અને પ્રાપ્તિ પ્રક્રિયાનું નિયમન કરવાનું.

(૩) આંતર રાજ્ય પ્રવહન અને વીજળીનું વ્હીલીંગની સગવડ

(૪) રાજ્ય સાથે તેમના કામકાજના સંબંધમાં પ્રવહન પરવાનેદાર, વિતરણ પરવાનેદાર અને વીજળી વેપારી તરીકે કામ કરવા માંગતી વ્યક્તિઓને પરવાના આપવાનું.

(૫) ગ્રીડ સાથે અને કોઈપણ વ્યક્તિને વીજળીના વેચાણમાં સાથે જોડવા માટેના યોગ્ય પગલાંની જોગવાઈ કરીને, ઉર્જાના સાધનો તાજા કરવામાંથી વીજળીના કો. જનરેશન(કો-ઉત્પાદક) અને ઉત્પાદનની વૃધ્ધિ અને આવા સાધનમાંથી વીજળી ખરીદવા માટે વિતરણ પરવાનેદારના ક્ષેત્રમાં વીજળીના કુલ વપરાશના ટકાવારી નિર્દિષ્ટ કરવાનું,

(૬) પરવાનેદારો અને ઉત્પાદનકર્તા કંપનીઓ વચ્ચેની તકરાર અને ન્યાય નિર્ણય કરવાનું અને લવાદી માટે તકરાર મોકલવાનું.

(૭) આ અધિનિયમના હેતુ માટે ફી લેવાનું,

(૮) કલમ-૭૯ની પેટા કલમ(૧)ના ખંડ(એચ) હેઠળ નિર્દિષ્ટ કરેલ ગ્રીડ(કોડ) સંહિતા સાથે સુસંગત રાજ્ય ગ્રીડ સંહિતા(કોડ) નિર્દિષ્ટ કરવાનું.

(૯) પરવાનેદારોએ કરેલી સર્વિસની ગુણવત્તા, સાતત્યતા અને વિશ્વસનીયતાના સંબંધમાં ધોરણો નિર્દિષ્ટ કરવાનું અથવા તેનો અમલ કરવાનું.

(૧૦) આંતર-રાજ્ય વીજ વેપારમાં જરૂરી ગણે તો ટ્રેડીંગ માર્જીન નક્કી કરવાનું

(૧૧) આ અધિનિયમ હેઠળ તેને સોંપવામાં આવે તેવા બીજા કાર્યો અદા કરવાનું

(૨) રાજ્ય આયોગ, રાજ્ય સરકારને, નીચેની તમામ અથવા કોઈપણ બાબત અંગે સલાહ આપશેઃ

(૧) વીજ ઉદ્યોગની પ્રવૃતિઓમાં હરિફાઈ, કાર્યક્ષમતા અને કરકસરને ઉત્તેજન આપવાની બાબત

(૨) વીજ ઉદ્યોગમાં રોકાણને ઉત્તેજન આપવા બાબત

(૩) રાજ્યમાં વીજ ઉદ્યોગની પુનર્રચના અને પુર્નગઠનઃ

(૪) વીજ ઉત્પાદન, પ્રવહન અને વિતરણ અને ટ્રેડીંગને લગતી બાબતો અથવા સરકારે રાજ્ય આયોગને મોકલેલી બીજી કોઈપણ બાબત

## ૪. રાજ્ય સલાહકાર સમિતિ :

વીજળી અધિનિયમ-૨૦૦૩ની કલમ ૮૭ મુજબ ઉર્જા ક્ષેત્રમાં વાણિજિયક, ઉદ્યોગ, પરિવહન, કૃષિ, શ્રમ, ગ્રાહકો, બીન સરકારી સંગઠનોનાં અને શૈક્ષણિક તથા સંશોધન સંસ્થાઓનાં હિત રજુ કરવા ૨૧ કરતાં વધુ નહિ તેવા સભ્યોની રાજ્ય સલાહકાર સમિતિ સ્થાપવા આયોગને સત્તા આપે છે. આ સંદર્ભે આયોગે માર્ચ-૨૦૦૪માં ૧૪ સભ્યોની બનેલી સલાહકારી સમિતિની રચના કરી છે.

સલાહકાર સમિતિના ઉદ્દેશો નીચેની બાબતો અંગે આયોગને સલાહ આપવાની છે.

(૧) નિતિ વિષયક મોટા પ્રશ્નો

(૨) પરવાનેદારો દ્વારા આપવામાં આવતી સેવાની ગુણવત્તા, સાતત્ય અને મર્યાદા સંબંધી બાબત

(૩) પરવાનેદારોની પરવાનાની શરતો અને જરૂરિયાતોનું પાલન

(૪) ગ્રાહક હિત સુરક્ષા અને

(૫) ઉર્જા પુરવઠો અને ઉપયોગો દ્વારા કામગીરીનાં એકંદર ધોરણો

સલાહકાર સમિતિની છેલ્લી મીટીંગ તા. ૨૮ જુલાઈ ૨૦૦૪ના રોજ રાખેલ હતી.

## ૫. વર્ષ દરમ્યાન પ્રવૃત્તિઓ :

૫.૧ વીજ દર નક્કી કરવો.

૫.૧.૧ વીજળી અધિનિયમ ૨૦૦૩ની કલમ ૮૬માં જણાવેલ સિધ્ધાંતો અનુસાર ટેરીફ નક્કી કરવા વિચાર કરવો.

૫.૧.૨. ગુજરાત વિદ્યુત બોર્ડે નીચે જણાવેલ અરજીઓ દાખલ કરી.

એ) ફયુઅલ કોસ્ટ એડજસ્ટમેન્ટ ચાર્જ માટેની અરજી તા. ૩ સપ્ટેમ્બર-૨૦૦૩ના રોજ દાખલ કરી.

બી) પેરેલલ ઓપરેશન ચાર્જ માટેની અરજી તા. ૮મી સપ્ટેમ્બર-૨૦૦૩ના રોજ દાખલ કરી.

સી) નાણાંકીય વર્ષ ૨૦૦૦-૦૧, ૨૦૦૧-૨૦૦૨, ૨૦૦૨-૦૩, ૨૦૦૩-૦૪ માટે જરૂરી આવક મેળવવા માટે વપરાશકારો માટેના દર નક્કી કરવાની દરખાસ્તની અરજી તા. ૨૬ સપ્ટેમ્બર-૨૦૦૩ના રોજ દાખલ કરી.

ઉપરોક્ત અરજીઓનો ઉંડો અભ્યાસ સુનાવણીની તૈયારીઓ માટે વર્ષ દરમ્યાન ચાલેલ.

૫.૨ **આયોગ દ્વારા એવોર્ડ જાહેર કરેલ અને હુકમો આપ્યાની વિગતો :-**

(અ) જ્યારે આયોગ ગુજરાત વિજળી ઉદ્યોગ (પુનર્રચના અને વિનિયમનો) અધિનિયમ-૨૦૦૩ની કલમ ૧૫(૨) અંતર્ગત પોતાના ઉદ્યોગો માટે કેપ્ટીવ પાવર પ્લાન્ટ અને ડી.જી.સેટની સ્થાપના માટેની મંજુરી આપતી ૬૪૩ અરજીઓનો નિકાલ કર્યો હતો.

(બ) વધુમાં આયોગે વર્ષ દરમ્યાન વધુ અરજીઓનો નિકાલ કર્યો હતો જેમાંની નીચે જણાવેલ મુખ્ય બાબતો હતી.

૧. ખાનગી મીટરો મુકવા બાબત

૨. લશ્કર વિભાગ માટે જુદી ટેરીફ

૩. સુરત મ્યુ. કોર્પોરેશન વિ. સુરત ઈલેક્ટ્રીસીટી કું પાણી / વોટર વર્કસ પમ્પીંગ સ્ટેશન / વોટર સીવેજ માટે એચટી ટેરીફ લગાડવા બાબત

૪. વીજ ઉત્પાદન પ્રોજેક્ટના હેતુ અર્થે વીજળી અધિનિયમ-૪૮ ના ફકરા ૧૭(૨)(સી)(૬) મુજબ સુરત ઈલેક્ટ્રીસીટી કંપનીને મંજુરી આપવામાં આવી.

૫. ગુજરાત વિદ્યુત બોર્ડ દ્વારા (એનટીપીસી) નેશનલ થર્મલ પાવર કું.ના તાપમથકમાંથી વીજળી ખરીદ કરવા બાબતનો વીજ ખરીદ કરારની મંજુરી આપેલ.

| | | |
|---|---|---|
| ૧. | વિધ્યાચલ વિસ્તરણ તબક્કો (પશ્ચિમ વિભાગ) | ૨૩૯ મેગાવોટ |
| ૨. | સીપટ વિસ્તરણ તબક્કો-૨ (પશ્ચિમ વિભાગ) | ૧૫૮ મેગાવોટ |
| ૩. | કહાલગાંવ તબક્કો-૨ (પૂર્વ વિભાગ) | ૯૨ મેગાવોટ |
| ૪. | બરહ (પૂર્વ વિભાગ) | ૨૬૦ મેગાવોટ |
| ૫. | ઉત્તર કરાનપુરા એસટી પી. એસ | ૨૩૧ મેગાવોટ |

૬. **આયોગે નીચે મુજબના વિનિયમનોના મુસદ્દા તૈયાર કરેલ છે.**

(૧) ઉત્કૃષ્ટ અને વિશ્વાસપાત્ર સેવાનો અમલ

(૨) વીજળીના ખરીદ, પ્રવાહન, વિતરણ, પુરવઠો અને વપરાશ પર નિયમન પ્રવૃતિઓ

(૩) ઓમ્બ્ર્સમેન (કરાર નિવારણ અધિકારી) ફોરમ ઉભું કરવું અને તેની નિમણુંક કરવા અંગે

(૪) આયોગનું કાર્ય સંચાલન

ઉપરોક્ત અધિનિયમનોના મુસદ્દા તૈયાર કર્યા અને આયોગની વેબસાઈટ પર ટીકાઓ/સુચનો મેળવવા માટે મુકવામાં આવ્યા.

૭. **ઈન્ફોર્મેશન ટેકનોલોજી :** (www.gercin.org)

વેબસાઈટ, આયોગના કાર્યો, આયોગ અને સ્ટાફની માહિતી જુદા જુદા નિયમનો જેવા કે કાર્ય સંચાલન, વીજદરના હુકમો અને બીજા અગત્યના હુકમો, તજજ્ઞોનો અહેવાલ. વાર્ષિક રીપોર્ટ(અહેવાલ) સુનાવણીની કાર્યસુચિ અને વીજળીને લગતા અગત્યની વેબસાઈટની માહિતી ધરાવે છે. વેબસાઈટ આયોગની ઓફીસ દ્વારા સંકલન કરવામાં આવે છે. વેબસાઈટ સુનાવણીની માહિતી, જીઈઆરસીના

હુકમોના પ્રકાશનો અને કોન્સેપ્ટ પેપરો પરની ટીકાઓ માટે આમંત્રણ અને નિયમની અને અરજીઓનો સમયાંતરે દર્શાવે છે. અયોગની વેબસાઈટનું સરનામું www.gercin.org છે.

## ૮ આયોગની ઈતર પ્રવૃત્તિઓ

૧) વર્ષ દરમ્યાન યુનાઈટેડ સ્ટેટસ એનર્જી એસોસીએશન અને યુનાઈટે સ્ટેટસ એજન્સી ફોર ઈન્ટરનેશનલ ડેવલપમેન્ટ દ્વારા પુરસ્કૃત (સ્પોન્સર) એનર્જી પાર્ટનરશીપ પ્રોગ્રામ હેઠળ, યુએસએનું પ્રતિનિધિમંડળ ૧૯મી ફેબ્રુઆરીથી મુલાકાતે આવેલ હતું. બે દિવસની આપ-લે પ્રોગ્રામ ન્યુ જર્સી બોર્ડ ઓફ પબ્લીક યુટીલીટી સાથે ગોઠવવામાં આવેલ જેમાં "રેગ્યુલેટરી કમિશનનો પાવર સેકટરમાં રોલ" અને "યુએસએઆઈડીનો ઈન્ડીયન એનર્જી પાર્ટનરશીપ પ્રોગ્રામ હેઠળ રોલ" બાબતની ચર્ચા (કમિશન અને સ્ટાફ સાથે) કરવામાં આવી. ન્યુ જર્સી બોર્ડ ઓફ પબ્લીક યુટીલીટીએ પણ યુનાઈટેડ સ્ટેટસમાં વિજ નિયમન અને નિયંત્રક બાબતો અંગેના અનુભવ વિશે હિસ્સેદારી કરી હતી. કમિશ્નરશ્રી ફ્રેડ બટલર પ્રતિનિધિ મંડળની (ન્યુજર્સી બોર્ડ ઓફ પબ્લીક યુટીલીટી) આગેવાન હતા. આયોગે ૨૦ ફેબ્રુઆરીના રોજ હિત ધરાવતા લોકો સાથે એક સેમિનાર યોજયો હતો. જેમાં જુદી જુદી સંસ્થાના ઉદ્યોગોના એસોસીએશનના અને ઉત્પાદન કર્તાઓના ૩૯ જેટલા સભ્યોએ ભાગ લીધો હતો અને વિચારોની આપ-લે કરી હતી.

૨) આયોગની કાયદાકીય પાંખની લાયબ્રેરીને સુદઢ બનાવવા માટે આયોગ પાસે "એસસીસી ઓન લાઈન" સોફ્ટવેર છે. સોફ્ટવેરમાં સુપ્રિમ કોર્ટે આપેલ બધા ચુકાદાઓ સામેલ છે. અને એક વ્યક્તિ વપરાશનો પરવાનો પણ સોફટવેરની સાથે મેળવેલ છે અને સૌથી છેલ્લો ઓર્ડર સોફ્ટવેરમાં મળી શકે તેવી ત્રિમાસિક સુધારા વધારાની સુવિધા પણ વિક્રેતા પાસેથી મેળવવામાં આવી છે.

૩) વિજક્ષેત્રમાં તથા સુધારાઓની સુચિ સાથે કદમ મિલાવવા તથા આયોગનાં સ્ટાફને વિજ ક્ષેત્રમાં થતા વિકાસની સાથે રાખવા માટે આયોગે નીચે જણાવેલા ટ્રેનિંગ પ્રોગ્રામ/ સેમિનારમાં ભાગ લેવા તેના સ્ટાફને મોકલેલ છે.

૧) વર્કશોપ - ઈન્ટરનેટ દ્વારા ઈન્ફ્રાસ્ટ્રક્ટર રેગ્યુલેશન મેળવવા
૨) પ્રોગ્રામ - મોર્ડન ટેકનીક અને ટી એન્ડ ડી લોસીસનું એસેસમેન્ટ
૩) પ્રોગ્રામ - ટેરીફ સ્ટ્રકચર અને એનાલીસીસ
૪) રીએકટીવ પાવર મેનેજમેન્ટ

૪) આયોગે ઈલેક્ટ્રીસીટી એકટ-૨૦૦૩ના નિર્દેશ અનુસાર અધિનિયમમાં અને વિચાર પત્રોના ૨૩ જેટલા મુસદ્દાઓ તૈયાર કર્યા છે અને તે બધા તેની વેબસાઈટ પર હિત ધરાવતા, વિજ ક્ષેત્રના તજજ્ઞો અને ઉત્પાદનકર્તાઓ પાસેથી તેમની ટીકાઓ / સૂચનાઓ માટે મુકેલ છે. આયોગે વિચાર પત્રોની નકલો પણ સદર આ ક્ષેત્રના તજજ્ઞોને તેમની ટીકાઓ / સૂચનો માટે મોકલેલ છે. જે મળ્યા બાદ અધિનિયમોને આખરીરૂપ આપવામાં આવશે.

૧. ગ્રાહકના હક્કો - વિચારપત્ર
૨. અધિનિયમનો મુસદ્દો - "પરવાનેદારોના પરફોર્મન્સનું ધોરણ"
૩. "ગ્રાહકોની ફરિયાદના કારણને દાદ આપવા માટે ફોરમની રચના"
૪. ગ્રાહકોની ફરિયાદના કારણને દાદ આપવા તકરાર નિવારણ અધિકારીની રચના માટેનો અધિનિયમનનો મુસદ્દો

૫. ગ્રીડ કોડ મુસદ્દો
૬. વીજ વેપાર માટેનો વિચાર પત્ર
૭. પાવર સિસ્ટમ મેનેજમેન્ટ અને ઓપરેશનના ધોરણોનો મુસદ્દો
૮. (ટ્રાન્સમીશન) પ્રવહન માટેના પરવાના પર વિચાર પત્રનો મુસદ્દો
૯. "પાવર સેફટી ધોરણો" નો અધિનિયમ મુસદ્દો
૧૦. "વિતરણ કોડ" (ડીસ્ટ્રીબ્યુશન કોડ) નો અધિનિયમ મુસદ્દો
૧૧. "વિતરણના પરવાના" પર વિચાર પત્રનો મુસદ્દો
૧૨. "ઓપન એસેસ"પર વિચાર પત્ર
૧૩. સપ્લાય કોડ પર અધિનિયમ મુસદ્દો
૧૪. "પરવાનેદાર માટે સામાન્ય જોગવાઈઓ" પર વિચાર પત્રનો મુસદ્દો
૧૫. "ટ્રેડીંગ પરવાના" નો અધિનિયમ મુસદ્દો
૧૬. "વહેંચણી પરવાના" અધિનિયમ મુસદ્દો
૧૭. "પરિવહન પરવાના" નો અધિનિયમ મુસદ્દો
૧૮. "ઓપન એસેસ" નો અધિનિયમ મુસદ્દો
૧૯. વિજ-ખરીદ વિતરણ પરવાનેદારો દ્વારા સહઉત્પાદકો અને તાજા થયેલા ક્ષેત્રો પાસેથી વીજ સંપાદન બાબતનો અધિનિયમ મુસદ્દો
૨૦. ટેરીફની શરતોના અધિનિયમનો મુસદ્દો
૨૧. લાંબા ગાળા માટે વિજદર નક્કી કરવાના સિધ્ધાંતો પરનો વિચારપત્રનો મુસદ્દો
૨૨. "વિતરણ પરવાનેદારો માટે વિજ ખરીદી અને સંપાદન" ના અધિનિયમનો મુસદ્દો
૨૩. ફી, દંડ અને ચાર્જનો અધિનિયમ મુસદ્દો

# વાર્ષિક હિસાબો

# વર્ષ : ૨૦૦૩-૦૪

# ગુજરાત વીજળી નિયંત્રક આયોગ
## અમદાવાદ
### વર્ષ : ૨૦૦૩-૦૪ પાંચમુ વર્ષ

| આવક | વર્ષ ૨૦૦૨-૦૩ | | વર્ષ ૨૦૦૩-૦૪ | |
|---|---|---|---|---|
| વિગત | મુલ્ય | મુલ્ય | મુલ્ય | મુલ્ય |
| (૧) રોકડ અને બેંક બેલેન્સ | | ૫,૯૮,૦૯૮.૩૫ | | ૭,૮૮,૫૯૨.૮૧ |
| (અ) બેંક સિલક | ૫,૯૬,૬૭૯.૮૧ | | ૭,૭૯,૩૦૭.૮૧ | |
| (બ) રોકડ સિલક | ૧,૪૧૮.૫૪ | | ૯,૨૮૫.૦૦ | |
| (૨) રાજ્ય સરકાર તરફથી અનુદાન આવક | ૧,૧૨,૪૫,૦૦૦.૦૦ | ૧,૧૨,૪૫,૦૦૦.૦૦ | ૧,૩૧,૨૫,૦૦૦.૦૦ | ૧,૩૧,૨૫,૦૦૦.૦૦ |
| (૩) કનસેન્ટ ફીની આવક | – | – | ૮૪,૭૨,૫૫૨.૦૦ | ૮૪,૭૨,૫૫૨.૦૦ |
| (૪) બેંક થાપણની વ્યાજની આવક | – | – | ૮૭,૭૪૫.૦૦ | ૮૭,૭૪૫.૦૦ |
| (૫) કપાત/કર્મચારી તરફથી પરતના માનમાં રોકી રાખેલ | | ૭૮,૩૩૬.૦૦ | | ૭૦,૮૬૭.૦૦ |
| (ક) મકાન લોન(જી.એસ.ટી.સી.લી ફંડમાં) એપ્રિલ ૨૦૦૩ થી માર્ચ ૨૦૦૪ | ૯,૯૯૬.૦૦ | | ૯૯૯૬.૦૦ | |
| (ખ) સી.પી. એફ. | ૪૪,૩૪૦.૦૦ | | ૪૮,૦૫૧.૦૦ | |
| (ગ) મુસાફરી ભથ્થા એડવાન્સ | ૨૪,૦૦૦.૦૦ | | – | |
| (ઘ) તહેવાર પેશગી | – | | ૧૧,૭૦૦.૦૦ | |
| (ચ) મકાન ડીપોઝીટ પરત | – | | ૧,૧૨૦.૦૦ | |
| કુલ | ૧,૧૯,૨૧,૪૩૪.૩૫ | ૧,૧૯,૨૧,૪૩૪.૩૫ | ૨,૨૫,૪૪,૭૫૬.૮૧ | ૨,૨૫,૪૪,૭૫૬.૮૧ |

# ગુજરાત વીજળી નિયંત્રક આયોગ
## અમદાવાદ
### વર્ષ : ૨૦૦૩-૦૪ પાંચમુ વર્ષ

| ખર્ચ-ચુકવણી | વર્ષ ૨૦૦૨-૦૩ | | વર્ષ ૨૦૦૩-૦૪ | |
|---|---|---|---|---|
| **વિગત** | **મુલ્ય** | **મુલ્ય** | **મુલ્ય** | **મુલ્ય** |
| (૧) **પગાર અને વેતન વગેરે :** | | ૫૦,૫૪,૪૩૯.૧૩ | | ૫૯,૧૫,૭૩૦.૦૦ |
| (ક) અધ્યક્ષ અને સભ્યો | ૧૬,૫૪,૨૧૬.૮૦ | | ૨૩,૦૬,૨૦૦.૦૦ | |
| (ખ) ઓફિસ સ્ટાફ | ૨૮,૦૮,૧૨૯.૦૦ | | ૩૪,૯૨,૬૧૨.૦૦ | |
| (ગ) વેતન | ૪,૪૭,૩૧૮.૦૦ | | - | |
| (ઘ) ગુ.વી.નિ.આ.નો વિવિધ સંસ્થાઓના નોકરીદાતાનો પ્રો.ફંડનો સરખો હિસ્સો | ૬૩,૫૪૨.૦૦ | | ૭૪,૮૮૭.૦૦ | |
| (ચ) તબીબી સવલતો અને વળતર | ૪૩,૬૬૯.૩૩ | | ૩૫,૮૨૩.૦૦ | |
| (જ) બોનસ | ૨૭,૮૮૦.૦૦ | | - | |
| (ઝ) ગણવેશ | ૯,૬૮૪.૦૦ | | ૬,૨૦૮.૦૦ | |
| (૨) **મુસાફીર ખર્ચ અને વાહનખર્ચ :** | | ૩,૦૪,૮૧૪.૦૦ | | ૫,૪૬,૧૮૮.૦૦ |
| (ક) મુસાફરી ખર્ચ | ૧,૪૫,૭૫૩.૦૦ | | ૪,૪૨,૮૧૩.૦૦ | |
| (ખ) મુસાફરી ભથ્થું | ૧,૧૨,૧૬૬.૦૦ | | ૯૪,૯૬૪.૦૦ | |
| (ગ) સવારી ખર્ચ | ૬,૫૧૫.૦૦ | | ૮,૪૧૧.૦૦ | |
| (ઘ) રજા પ્રવાસ રાહત ભથ્થું | ૪૦,૩૮૦.૦૦ | | - | |
| (૩) **દુરસંચાર ખર્ચ :** | | ૩,૨૭,૬૫૬.૭૦ | | ૩,૪૫,૪૪૮.૦૦ |
| (ક) ટેલીફોન ખર્ચ | ૩,૧૩,૬૪૬.૭૦ | | ૩,૧૫,૨૬૯.૦૦ | |
| (ખ) ટપાલ કુરીયર સર્વિસ ખર્ચ | ૧૪,૦૧૦.૦૦ | | ૩૦,૧૭૯.૦૦ | |
| (ગ) વેબસાઈટ ખર્ચ | ૦.૦૦ | | - | |
| (૪) **છાપકામ અને લેખનસામગ્રીનો ખર્ચ** | | ૧,૫૯,૬૭૫.૦૦ | | ૧,૮૬,૯૨૨.૦૦ |
| (અ) છાપકામ અનેલેખનસામગ્રી ખર્ચ | ૧,૦૫,૮૫૫.૫૦ | | ૧,૦૫,૩૫૮.૦૦ | |
| (બ) પુસ્તકો અને સામાયિક અંગેનો ખર્ચ | ૧૦,૬૯૫.૦૦ | | ૩૩,૭૮૦.૦૦ | |
| (ક) અખબાર લવાજમ | ૪૩,૧૨૪.૫૦ | | ૪૭,૭૮૪.૦૦ | |
| (૫) **ભાડુ દર અને વેરો :** | | ૨૨૯૩૭૯૫.૦૦ | | ૨૧,૪૧,૭૫૩.૦૦ |
| (ક) ભાડુ (ઓફિસ) | ૧૭,૦૧,૮૬૧.૦૦ | | ૧૭,૮૦,૬૭૯.૦૦ | |
| (ખ) ભાડુ (મકાન) | ૧,૫૬,૨૮૮.૦૦ | | ૧,૧૭,૨૧૬.૦૦ | |
| (ગ) મ્યુનિ. વેરો | ૪,૩૫,૬૪૬.૦૦ | | ૨,૪૩,૮૫૮.૦૦ | |
| (૬) **સામાન્ય ખર્ચાઓ :** | | ૮૫૪૩૩૮.૭૧ | | ૭,૪૬,૮૦૮.૦૦ |
| (ક) વીજળી બિલ ખર્ચ | ૧,૬૯,૬૧૧.૦૦ | | ૧,૨૭,૦૦૫.૦૦ | |
| (ખ) પરચુરણ ખર્ચ | ૬૯,૮૪૫.૭૪ | | ૭૬,૦૦૮.૦૦ | |
| (ગ) વાહન નિભાવ ખર્ચ | ૧,૯૦,૫૬૮.૯૭ | | ૧,૮૧,૧૮૬.૦૦ | |
| (ઘ) વાહન વિમા ખર્ચ | ૩૫,૪૦૯.૦૦ | | ૨૯,૬૧૯.૦૦ | |
| (ચ) અન્ય ઓફિસ ખર્ચ | ૩,૮૮,૬૯૯.૦૦ | | ૩,૩૨,૯૭૦.૦૦ | |
| (છ) જાહેરાત ખર્ચ | ૦.૦૦ | | ૦.૦૦ | |
| (જ) બેંક ચાર્જ | ૨૦૫.૦૦ | | ૨૦.૦૦ | |

**આવક**

| વિગત | વર્ષ ૨૦૦૨-૦૩ | | વર્ષ ૨૦૦૩-૦૪ | |
|---|---|---|---|---|
| | | | | |
| કુલ | ૧,૧૯,૨૧,૪૩૪.૩૫ | ૧,૧૯,૨૧,૪૩૪.૩૫ | ૨,૨૫,૪૪,૭૫૬.૮૧ | ૨,૨૫,૪૪,૭૫૬.૮૧ |

સહી -

હિસાબી અધીકારી

ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ

અમદાવાદ.

| ખર્ચ - ચુકવણી | વર્ષ ૨૦૦૨-૦૩ | | વર્ષ ૨૦૦૩-૦૪ | |
|---|---|---|---|---|
| વિગત | મુલ્ય | મુલ્ય | મુલ્ય | મુલ્ય |
| (૭) મૂડી ખાતે ખર્ચ : | | ૧,૯૧,૯૬૩.૦૦ | | ૫,૨૩,૯૨૫.૦૦ |
| (ક) ફર્નિચર અને ફિક્ચર્સ | ૨,૩૫૨.૦૦ | | ૩,૨૪,૭૧૨.૦૦ | |
| (ખ) ટેલીફોન સીસ્ટમ | ૦.૦૦ | | ૦.૦૦ | |
| (ગ) કોમ્પ્યુટર અને તેની સંલગ્ન વસ્તુઓ | ૧,૮૧,૬૧૪.૦૦ | | ૧,૯૯,૨૧૩.૦૦ | |
| (ઘ) ઓફિસ સાધનો | ૭,૯૯૭.૦૦ | | ૦.૦૦ | |
| (૮) નિમણુંક અને સલાહકારની ફી અને તે બાબતનો ખર્ચ : | | ૧૭,૬૪,૬૦૧.૦૦ | | ૨૦,૯૦,૭૫૬.૦૦ |
| (ક) સલાહકાર તજજ્ઞની ફી | ૧૪,૧૩,૦૭૧.૦૦ | | ૧૪,૦૭,૨૩૧.૦૦ | |
| (ખ) સેમીનાર અને ટ્રેનિંગ માટે પ્રતિનિધિત્વ ફી | ૯૪,૦૦૦.૦૦ | | ૭૪,૦૦૦.૦૦ | |
| (ગ) કાયદાકીય સલાહકાર ફી | ૦.૦૦ | | ૪૮,૦૦૦.૦૦ | |
| (ઘ) તજજ્ઞ સલાહકારની સેવા ફી | ૨,૪૦,૦૦૦.૦૦ | | ૩,૫૫,૦૦૦.૦૦ | |
| (ચ) એફ.ઓ.આઈ.આર. વાર્ષિક ફી (ફોરમ ઓફ ઈન્ડિયા રેગ્યુલેશન) | ૦.૦૦ | | ૨,૦૦,૦૦૦.૦૦ | |
| (જ) ગર્વ. ઓડીટ ફી | ૧૭,૫૩૦.૦૦ | | ૬,૫૨૫.૦૦ | |
| (૯) જાળવણી અને મરામત અંગેનો ખર્ચ : | | ૧,૭૯,૭૫૯.૦૦ | | ૧,૮૯,૧૭૧.૦૦ |
| (ક) ઓફિસ સાધનો | ૯૪,૨૭૬.૦૦ | | ૪૮,૪૫૩.૦૦ | |
| (ખ) વાહનો | ૭૦,૦૮૩.૦૦ | | ૪૦,૨૭૨.૦૦ | |
| (ગ) ફર્નિચર અને ફિક્ચર્સ | ૧૫,૪૦૦.૦૦ | | ૧,૦૦,૪૪૬.૦૦ | |
| (ઘ) ઓફીસનું મકાન | ૦.૦૦ | | ૦.૦૦ | |
| (૧૦) ડીપોઝીટ (વગર વ્યાજ) | | ૦.૦૦ | | ૦.૦૦ |
| (ક) ટેલીફોન વિભાગ | ૦.૦૦ | | ૦.૦૦ | |
| (બ) ઓફીસરેન્ટ ડીપોઝીટ | ૦.૦૦ | | ૦.૦૦ | |
| (ક) એ.ઈ.સી.કું | ૦.૦૦ | | ૦.૦૦ | |
| (૧૧) લોન અને પેશગી : | | ૧,૮૦૦.૦૦ | | ૪,૫૦૦.૦૦ |
| (ક) તહેવાર પેશગી | ૧,૮૦૦.૦૦ | | ૪,૫૦૦.૦૦ | |
| (ખ) મુસાફરી ખર્ચ પેશગી | ૦.૦૦ | | ૦.૦૦ | |
| (૧૨) વર્ષ અંતે સરકારશ્રીને વણ વપરાયેલી ગ્રાંટ પરત કરી | | ૦.૦૦ | | ૦.૦૦ |
| (૧૩) મકાન પેશગીની રીકવરી : | | ૦.૦૦ | | ૪૨,૪૮૩.૦૦ |
| (ક) પગારમાંથી વસુલાત કરી અને જી.એસ.ટી.સી ને પરત કર્યા | | | ૪૨,૪૮૩.૦૦ | |
| (૧૪) થાપણો | | ૦.૦૦ | | ૮૫,૬૦,૨૯૭.૦૦ |
| (ક) દેના બેંકમાં થાપણ | ૦.૦૦ | | ૮૫,૬૦,૨૯૭.૦૦ | |
| (૧૫) કેશ અને બેંક બેલેન્સ : | | ૭,૮૮,૫૯૨.૮૧ | | ૧૨,૧૦,૭૭૫.૮૧ |
| (ક) બેંક બેલેન્સ (બેંક ઓફ બરોડા) | ૭,૭૯,૩૦૭.૮૧ | | ૧૨,૪૨,૦૩૮.૮૧ | |
| (ખ) હાથ પર સિલક | ૯,૨૮૫.૦૦ | | ૮,૭૩૭.૦૦ | |
| કુલ | ૧૧૯૨૧૪૩૪.૩૫ | ૧૧૯૨૧૪૩૪.૩૫ | ૨૨૫૪૪૭૫૬.૮૧ | ૨૨૫૪૪૭૫૬.૮૧ |

સહી -

નાયબ નિયામક (વહીવટ)
ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ
અમદાવાદ.

સહી -

સચિવ શ્રી
ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ
અમદાવાદ.